## પ્રકરણ - ૬

## સંજય ચૌહાણની વાર્તાઓ : વસ્તુ અને કલાપક્ષ

સંજય ચૌહાણનો જન્મ તા. ૧૫.૦૪.૧૯૭૭ના રોજ ઉત્તર ગુજરાતના મહેસાણા જિલ્લાના વડનગર ખાતે થયો. મૂળ વડનગરના જ વતની એવા સંજયભાઈ હાલ ઉચ્ચતર માધ્યમિક શાળા મુ. કહોડા, તા. ઉંઝામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. અર્થશાસ્ત્ર વિષય સાથે એમ. એ., બી.એડ્. થયેલા સંજયભાઈ ગુજરાતી સાહિત્યમાં વિશેષ રુચિ ધરાવે છે. સાહિત્યસર્જન ઉપરાંત ચિત્ર અને સંગીત જેવી કલાઓ પ્રત્યે પણ એટલી જ રસ-રુચિ ધરાવે છે. ગઝલ અને વાર્તાક્ષેત્રે સાહિત્યસર્જન કરતા આ સર્જક પાસેથી 'કોઈ આવ્યું છે' શીર્ષકથી ગઝલસંગ્રહ પ્રાપ્ત થાય છે. 'એના શહેરની એકલતા' અને 'થુંબડી' જેવા બે વાર્તાસંગ્રહો દ્વારા સંજય ચૌહાણ ગુજરાતી વાર્તાક્ષેત્રે પ્રસ્થાપિત થયા છે. મૂળ વડનગરના છે પરંતુ ગ્રામીણપ્રદેશ સાથેનો તેમનો નાતો અકબંધ છે. એમની વાર્તાઓમાં ગામડું અવારનવાર જોવા મળે છે.

ગુજરાતી નવલિકાચયન, ૨૦૦૩ની શ્રેષ્ઠ વાર્તાઓ, ૨૦૦૯ની શ્રેષ્ઠ વાર્તાઓ જેવાં સંપાદનોમાં એમની વારો, વાંક, વરંડો વગેરે વાર્તાઓ સ્થાન પામી છે. એમની વાર્તાઓ સમયાંતરે વિવિધ પારિતોષિકો દ્વારા પોંખાઈ છે. 'ભવભવનો ઝૂરાપો' વાર્તાને તાદર્થ્ય વર્ષ ૨૦૦૧-૦૨ના વર્ષની શ્રેષ્ઠ વાર્તા તરીકે શ્રીમતી મનોરમા આઈ. વ્યાસ પારિતોષિક પ્રાપ્ત થયું છે. 'પેંતરો' વાર્તાને ૨૦૦૬-૦૭માં દલિત ચેતનાનું શ્રેષ્ઠ વાર્તા તરીકે ભાવનગરની સંસ્થા દેશાવીરા ચેરીટેબલ ટ્રસ્ટ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. બીજા વર્ષે ૨૦૦૭-૦૮માં 'કમઠાણ' વાર્તાને દલિતચેતના તરફથી આ જ પારિતોષિક પ્રાપ્ત થયું હતું. એમની 'વારો' વાર્તાનો

મરાઠીમાં અનુવાદ થયો છે અને વિવિધ સાહિત્યિક સામયિકોમાં એમની વાર્તાઓ અને ગઝલો વારંવાર પ્રકાશિત થાય છે.

હાલમાં જે નવોદિત વાર્તાકારો ગુજરાતી વાર્તાક્ષેત્રે પોતાની વાર્તાઓ દ્વારા પ્રદાન કરી રહ્યા છે એમાં સંજયભાઈ પોતાની આગવી ઓળખ ઊભી કરી શક્યા છે. એમની પાસેથી દલિત અને અદલિત બંને પ્રકારની વાર્તાઓ મળે છે. આ સર્જક પાસેથી કુલ બે વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. જેમાં પ્રથમ વાર્તાસંગ્રહ 'એના શહેરની એકલતા[૯૬]' શીર્ષકથી મળે છે. આ સંગ્રહમાં પ્રકાશિત એક પણ વાર્તા દલિત વાર્તા નથી એ નોંધવું રહ્યું. બીજો વાર્તાસંગ્રહ 'થુંબડી[૯૭]' શીર્ષકથી મળે છે. આ સંગ્રહમાં પ્રકાશિત વાર્તાઓ પણ દલિત વાર્તાઓ નથી. 'એના શહેરની એકલતા' અને 'થુંબડી' બંને વાર્તાસંગ્રહોમાં લલિત વાર્તાઓ છે. આ બંને સંગ્રહોને ધ્યાનમાં રાખીને વિકાસ એસ. હરિજને ડૉ. ભરત સોલંકીના માર્ગદર્શન હેઠળ, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણમાં 'સંજય ચૌહાણનું વાર્તાવિશ્વ : એક અભ્યાસ' શીર્ષકથી ગુજરાતી વિષયમાં M.Phil. ની ઉપાધિ મેળવી છે. આ ઉપરાંત દલિતચેતના, નિસબત, હયાતી વગેરે સામયિકોમાં અવાર-નવાર સંજય ચૌહાણની દલિત વાર્તાઓ પ્રસિદ્ધ થાય છે.

સામયિકોમાં પ્રકાશિત થયેલી દલિત વાર્તાઓ દલિત ટૂંકી વાર્તાનો સ્વતંત્ર સંગ્રહ થઈ શકે તેટલા પ્રમાણમાં છે પરંતુ હજુ સુધી તે ગ્રંથસ્થ થઈ નથી. પ્રસ્તુત પ્રકરણમાં સામયિકોમાં પ્રકાશિત એમની ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓની તપાસ કરી અભ્યાસ હાથ ધર્યો છે. એમની દલિત વાર્તાઓમાં સમાજની અનેક પ્રકારની

---

૯૬. ચૌહાણ, સંજય, એના શહેરની એકલતા, પ્રકા. હર્ષ પ્રકાશન, ૪૦૩, ઓમ દર્શન ફ્લેટ્સ, ૭, મહાવીર સોસાયટી, મહાલક્ષ્મી ચાર રસ્તા પાસે, પાલડી, અમદાવાદ-૭, પ્રથમ આવૃત્તિ, ૨૦૦૯.

૯૭. ચૌહાણ, સંજય, થુંબડી, લટૂર પ્રકાશન, અવનિલોક, ૩, શાંતિનગર સોસાયટી, ૨૨૭૩, હિલ ડ્રાઈવ, ભાવનગર, ૩૬૪૦૦૨, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૩.

વિટંબણાઓ, યાતનાઓ અને અસ્પૃશ્યતાને કેવી વાચા મળી છે એ જોવું રસપ્રદ બની રહે તેમ છે.

'હયાતી' સામયિકમાં પ્રસિદ્ધ થયેલ 'વારો' વાર્તા દલિત સંવેદનને અંકે કરે છે.[૯૮] વાર્તાની શરૂઆત બોલીપ્રયોગથી થાય છે. 'આજ લાગ આયો સ અ.......ઈની બુન્ન.......' જેવું બબડી વાર્તાનાયક કચરો રીક્ષામાં ચડી બેસે છે. પોતે બહુ ખુશ છે એવું વાર્તાના પ્રથમ ફકરા દ્વારા જણાય છે. વાર્તાના આગળના ભાગમાં પછીથી જાણવા મળે છે કે બાજુના ગામમાંથી ઘરાકનું પાડું મરી ગયું છે એને ઉપાડવા જવાનું છે. આજે કચરાને ઘણા દિવસે લાગ મળ્યો છે. જે રીક્ષામાં જવાનો છે એ તખતસિંહની રીક્ષા છે અને આજે તખતસિંહને અભડાવી દેવાની ઇચ્છા રાખી એ રીક્ષામાં બેસે છે. પોતે લાગ જોઈ તખતસિંહનું વેર વાળવાનો છે એ વાતે ખુશ છે.

ભૂતકાળમાં કચરાને તખતસિંહના ઘરેથી આ જ રીતે પાડુ મર્યું ત્યારે કચરો સૂડલી લઈ પાડુ લેવા ગયો હતો પરંતુ એ વખતે પોતાની સાથે ભણતા આ જ કચરાને મરેલું પાડું અડકી જતા પોતે અભડાઈ ગયાની બૂમો પાડે છે. કચરાને ત્યારે ખૂબ માર પડ્યો હતો. નાનકડા કચરાના મનમાં ઊભા થયેલા પ્રશ્નો લસરકા પાડી ગયા ને પોતે આજેય મનોમન એ જ પ્રશ્ને તખતસિંહનું વેર લેવાનું વિચારી રહ્યો છે.

હવે તખતસિંહ રીક્ષા ચલાવે છે. એમાંય એનો રીક્ષા ચલાવવાનો ધંધો રગસિયા ગાડા જેવો ચાલે છે ત્યારે કચરો વિચારે છે કે, 'વારો આવવાદાં તમાંનઅ ગંધાતા મઅ પગ મેલાવું ના તો મનઅ યાદ કરજો' (પૃ.૧૫) .

આજે બાજુના ગામમાં પાડું લેવા જવાનું છે ત્યારે તખતસિંહ રીક્ષા લઈ સાથે આવવા તૈયાર થઈ જાય છે ને કચરાને જોઈતો લાગ મળી જાય છે. એ તખતસિંહ સાથે જરૂરી શરત કરે છે ને તખતસિંહ પરિસ્થિતિવશ તૈયાર પણ થાય છે. જ્યાં પાડું

૯૮. હયાતી, જૂન ૨૦૦૩, પૃ. ૨૪-૨૮

લેવા જવાનું છે એ ઘરે પોતે જાય છે ત્યારે ખબર પડે છે કે પાડું તો નાખી આવ્યા છે. કચરાની પોતાની બાજી ઊંધી પડતી દેખાય છે. પોતે દાણા માંગવાનું વિચારે છે પણ 'પોતાની ભેંસના પાડા નઅ મર્યા પછી અડધો કલાકય રાખ્યું નઈ...' એવા મુડદલ માણહોના દાણાય હું કરવા... એમ વિચારી રીક્ષામાં બેસી જાય છે. પોતે તખતસિંહને જે જગ્યાએ પાડું ફેંકી આવ્યા એ જગ્યાએ જવાનું કહે છે. રીક્ષા ત્યાં લઈ જાય છે. પોતે બાવળની ઝાડીઓમાં મરેલું પાડું શોધવા નીકળે છે પરંતુ મરેલું પાડું જોવા મળતું નથી.

પોતાને તખતસિંહનું વેર લેવાની ને એને અભડાવવાની ભારોભાર ઇચ્છા છે પોતે એ બાબતે પોતાને પડેલ મારને યાદ કરે છે ને પોતાને થાય છે કે ૨૫ રૂપિયાના ભાડા માટે આટલે દૂર પોતાની સાથે તખતસિંહ આવ્યો છે એ પણ પાડું ભરવા? ત્યારે એનો સમય કેવો છે? કુદરતે તો એનું વેર બરોબર વાળ્યું છે પોતે શું વાળવાનો હતો? આવા વિચારે પોતે મનોમન તખતસિંહને માફ કરી દે છે. આ વાર્તાસંદર્ભે દલપત ચૌહાણ કહે છે તેમ 'આ કથાનું વર્ણ્યવસ્તુ એવા એક વિષય તરફ અંગુલિનિર્દેશ કરે છે જે સહૃદયોની દુનિયામાં માનવીની મહત્તા પુનઃસ્થાપિત કરે છે. દલિતવાસનું ચિત્રણ સાથે દલિતોની ઉદારતાનું ઉત્તમ દૃષ્ટાંત અહીં મળી રહે છે.'[૯૯]

વાર્તાના અંતે વાક્ય છે: 'જા તખતસિંહ તનઅ માફ કર્યો' જેવું બબડી નીચે બેસી કચરો બીડીના કસ પર કસ ખેંચવા લાગ્યો. લેખક અહીં કચરાના પાત્રની ઉદારવૃત્તિ સાથે માનવમનના હકારાત્મક પાસાને યોગ્ય રીતે આલેખે છે. અહીં કચરાની માનસિક સ્થિતિ, નિરાશાજનક અવસ્થા સાથે એના સ્વભાવનું એક નવું પાસું જોઈ શકાય છે. વાર્તામાં કચરાનો રોફ માનસિક અવસ્થાએ જ દર્શાવ્યો છે અને એ જ અવસ્થામાં શાંત થતો દર્શાવ્યો છે. એને દર્શાવવા લેખકે નાની નાની

૯૯. ચૌહાણ, દલપત, ગુજરાતી દલિત ટૂંકી વાર્તાઓ, પૃ.૧૫, ગુજરાતી દલિત સાહિત્યની કેડીએ, પૃ.૯૩

ક્રિયા દ્વારા કચરાના વિચારોને, એની સ્થિતિને વર્ણવી છે. દા.ત. ખિસ્સામાંથી બીડી કાઢી, પહેલાં ઊંધી ફૂંક મારીને નક્કર હોવાની ખાતરી કરી લીધી. પછી સીધી કરી બાકસ પર દીવાસળીના ઘસરકા સાથે સળગાવી ને ઊંડા ઊંડા કસ ખેંચવા લાગ્યો. (પૃ.૨૪) વગેરે. વાર્તામાં આવતા નૂતન શબ્દો પણ તળપ્રદેશના સૌંદર્યને કલાદેહ આપવામાં ઉપયોગી બની રહે છે. દા.ત. સાથળી, ભરાંખે-ભરાખ, બળુંડાં વગેરે. આખી વાર્તામાં વર્ણનો મરેલું પાડું લેવા જવાનાં છે પરંતુ એમાં સમાંતરે કચરાના મનનો વિદ્રોહ વ્યક્ત થયો છે. સાથે સાથે કચરાની પરિસ્થિતિનું અને એને થયેલા શોષણનું વરવું ચિત્ર અહીં પ્રથમવાર મળે છે. આ વાર્તાસંદર્ભે શ્રીદીપક દોશીએ યથાર્થ જ કહ્યું છે કે 'વારો'નું વસ્તુ એક એવા વિષયને ઉઘાડી આપે છે જે આપણા કેટલાક ભાંડુઓ જીવે છે. સહૃદયોને એમની દુનિયામાં આ પ્રવેશ અભડાવનારો નહિ પણ અજવાળનારો લાગશે.[૧૦૦] 'વારો' અને મોહન પરમારની 'આંધુ'નો અંત તુલના કરવા યોગ્ય છે. 'મૂંઝારો' અને 'જીવ' જેવી વાર્તાઓ પણ અહીં તરત યાદ આવે.

'વાંક'[૧૦૧] વાર્તા મોટા લોકોની નબળી માનસિકતાનું વરવું ચિત્ર રજૂ કરે છે. વાર્તાનાયક ભીખુ નાનાસાહેબને ભા સાહેબની જાગીર બતાવવા લઈ જાય છે. પોતાની ના હોવા છતાં નાના સાહેબ ત્યાં મેઘવાળ વાસ તરફ જાય છે. વાર્તાનાયકને મનમાં ચિંતા થાય છે કે મેઘવાડો નાના સાહેબને પતાવી જ દેશે. પોતે ઘરે આવી ભા સાહેબને અધૂરુંપધૂરું બોલતા નાનાસાહેબને મેઘવાડો....... ત્યાં તો મેઘવાડોનું નામ સાંભળતાવેંત ભા સાહેબ ગુસ્સામાં આવીને બધાને સાબદા થવાનું કહે છે. આમ પણ મેઘવાડો કામ પર આવતા બંધ થયા ત્યારથી ભા

---

૧૦૦. દોશી દીપક, ૨૦૦૩ની શ્રેષ્ઠ વાર્તાઓ પુસ્તકની પ્રસ્તાવના

૧૦૧. હયાતી, ડિસેમ્બર ૨૦૦૫, વર્ષ ૭, અંક ૩૨

સાહેબનો જુલ્મ તો એમના પર હતો જ અને એમનો કાયમ એવું જ લાગતું કે મેઘવાડો જાણે બદલો લેવાની રાહ જોઈ રહ્યા છે.

વાર્તાનાયક, ભા સાહેબ અને મળતિયાઓ ભાલા વગેરે લઈને ઘોડા પર સવાર થઈને મેઘવાળ વાસ તરફ નાનાસાહેબને લેવા જાય છે. રસ્તામાં જે કાંઈ આડુ આવે તેના પર તલવાર વીંજી કાપી નાખતા ભા નો ગુસ્સો જોઈ વાર્તાનાયકને લાગે છે કે આજે મેઘવાડોનું જાણે આવી જ બન્યું. ભૂતકાળમાં ચમન અને બીજા મેઘવાળો ભા સાહેબને ત્યાં વેઠ કરવા આવતા પણ એક દિવસ ઘરે મહેમાન આવવાથી ચમન ભા સાહેબને પૂછ્યા વગર જ ઘરે જતો રહ્યો ને ભા સાહેબ ચાબુક લઈ ચમન પર ફરી વળેલા ને ત્યારથી જ બધા વેઠે આવતા બંધ થઈ ગયા હતા.

આજે ભા સાહેબનો કુંવર એ જ મેઘવાળોના વાસમાં ગયો છે ને બધા ખૂબ ગુસ્સામાં એને લેવા જાય છે. બધાને એમ છે કે નાનાસાહેબનો મેઘવાળો બદલો લેશે પરંતુ મેઘવાળો તો નાનાસાહેબના મોઢેથી જ સાંભળવા મળે છે તેમ પોતે વાસ તરફ જતા હતા ત્યારે કૂતરા ભસવાથી ઘોડો ભડકે છે ને પોતે નીચે પડી જાય છે ને ઘસડાય છે. મેઘવાડોનો એમાં કંઈ જ વાંક નથી. એને બચાવનાર પણ ચમન જ છે. ચમનનું નામ સાંભળીને પણ ભા સાહેબ એવા જ ગુસ્સામાં છે જેવા નાનાસાહેબને લેવા આવ્યા હતા. નાયકને હવે થાય છે કે પોતાનું આવી બન્યું ને એવી પરિસ્થિતિમાંય એ વિચારે છે કે ભા સાહેબ ચમનનો આભાર માનશે કે નહીં? અહીં સર્જકે કમાલ કરી છે. વાર્તાનાયકના મનમાં જાગતું કુતૂહલ વાર્તાની મહત્ત્વની ક્ષણ બની રહે છે.

વાર્તાનો અંત જોતા ખ્યાલ આવે છે કે ભા સાહેબનો ગુસ્સો જેવો સાતમા આસમાને છે એવી જ મેઘવાળોની સામે પક્ષે ભારોભાર સારપ જોવા મળે છે. મેઘવાળો બદલો લેશે એવા અનુમાનને આધારે ને વેઠ કરવા આવતા નથી એનો બદલો લેવાનો બળાપો ભા સાહેબની ક્રિયાઓમાં ભારોભાર વ્યક્ત થાય છે, પણ

મેઘવાળો પોતાના પક્ષે જે માનવતા દાખવે છે એ દર્શાવવામાં સર્જક વિશેષ કામિયાબ રહ્યા છે. વાર્તાના અંતમાં સર્જકે હવે શું થશે? એવું કહ્યા વિના કમાન વાચક પર છોડી છે. વાંક નાના સાહેબનો છે પણ આખી વાર્તામાં એ મેઘવાળોનો કે વાર્તાનાયકનો હોય એમ દર્શાવાયું છે. અંતમાં જે રહસ્ય ઉદ્‌ઘાટિત થાય છે એમાં સર્જકતાનો વિશેષ અનુભવાય છે. માનવતા, લાગણી એ કોઈ એક વ્યક્તિનો ઈજારો નથી. દલિતોમાં એ ભારોભાર જોવા મળે છે એ 'વાંક' વાર્તામાં જોવા મળે છે. આખી વાર્તામાં બદલાની ભાવનાનું રહસ્ય જુદી રીતે ઉદ્‌ઘાટિત કરવામાં લેખક કામિયાબ રહ્યા છે. મોહન પરમારની 'આંધુ' વાર્તા પણ દલિત નાયકની સારપને આ જ રીતે વ્યક્ત કરે છે જેનું અહીં સ્મરણ થઈ આવે. વાર્તામાં થયેલા પ્રાદેશિક શબ્દોનો ઉપયોગ વાર્તાકૃતિના વાતાવરણને ઉપકારક બની રહે છે. વાંક લેખકની નખશીખ કલાત્મક વાર્તા છે.

'પેંતરો'[૧૦૨] વાર્તા મિત્રોમિત્રોના કાવાદાવાને નિરૂપે છે. વાર્તાનું વસ્તુ કંઈક આ પ્રકારનું છે. વાર્તાના આરંભે વાર્તાનાયક ભીમો કોઈની રાહ જોઈ રહ્યો છે. પછી તરત ખ્યાલ આવે છે કે એ ઉમેદ ચમારને ફસાવવા માંગે છે. પોતે દાનાને પણ આ બાબતે વાત કરે છે કે ચામુંડા માતાનો રમતો મૂકેલો બકરો વાઢી ખાવો ને આ રાવણામાં ઉમેદને ફસાવી દેવો. અર્થાત્ માતાજીનો બકરો વધેરવાના આરોપ હેઠળ ઉમેદને ઝડપાવી દેવો એવો પેંતરો રચાય છે. નક્કી થયા મુજબ દાનો બકરો પડાવી લાવે છે. ભેમો રતિયાની રાહ જુવે છે ને રતિયો આવે છે ત્યારે તરત પૂછે છે ઉમેદ કેમ ન આવ્યો? જવાબમાં જાણવા મળે છે કે થોડો મોડો પેલી ધારનો લઈને આવશે. દાનો અને ભેમો ઉમેદને ભેરવવાની પેરવી કરી રહ્યા છે. એ ઉમેદની રાહ જુવે છે. ભેમાને ચૂંટણી વખતે ઉમેદના ઘરે જવું પડ્યું હતું એ પ્રસંગ યાદ આવે છે. ત્યારબાદ સાત વર્ષ પહેલા ઉમેદે પડતરનો નકશો કઢાવીને સરકારે ફાળવેલી

૧૦૨. દલિતચેતના, જૂન ૨૦૦૭, વર્ષ ૧, અંક ૮

જમીન પોતાના અને વાસના બીજા લોકોના નામે કરાવી ત્યારે પડતર જમીન વાવતા ભેમાના બાપે દાદાગીરી કરતાં પોલીસે લાકડીઓ ફટકારેલી ને એમાં પોતાની હાર થયેલી એ ઘટના ભેમો અત્યારે યાદ કરે છે.

ભેમો બકરાના ગળા પર છરો ફેરવે છે ત્યારે પણ ઉમેદ પ્રત્યેનો ગુસ્સો જ મનમાં વ્યાપેલો છે. આ સમયે વાર્તાકારે પાત્રની મનઃસ્થિતિ દર્શાવીને દલિતો પ્રત્યેના એના રોષને વાચા આપી છે. પોતાની નજર ઉમેદની રાહ જોવામાં નેળિયા તરફ જ છે. પોતે ઉમેદને ભેરવી રહ્યો છે એવી મનોમન કલ્પનાઓ કરે છે. બધું તૈયાર થવા આવ્યું છતાં ઉમેદ દેખાતો નથી. ભેમો વેર વાળવાની તીવ્ર ઇચ્છાથી ઉમેદની રાહ જુવે છે. એ રતિયાને ફરમાન કરે છે કે ઉમેદને પકડી લાવે. રતિયો ઉમેદને લેવા જાય છે ને થોડી વારે નેળિયામાં કોઈ આવતું જણાય છે. પણ પાસે આવતા ખબર પડે છે કે આ તો રતિયો જ પાછો આવ્યો છે. એના દ્વારા જાણવા મળે છે કે ઉમેદ બધા માટે લખુના છાપરે દારુ લેવા ગયો હતો ને રેડ પડી. એને પોલીસ પકડી ગઈ છે. આ લોકોને ફડક છે કે ઉમેદ આ બધાનું નામ લેશે તો? ને બધી બાજી ઉંધી વળી જાય છે. વાર્તાના અંતમાં પોલીસનું આવવું અને ઉમેદનું મિત્રોના પેંતરામાં ફસાતા બચી જવું તેમજ ભેમો પોતે રચેલા પેંતરામાં પોતે જ ફસાઈ જાય છે એમાં સર્જકે કમાલ કરી છે.

વાર્તાના આરંભે આવતું વાક્ય- ભેમાએ હાથમાં રોડું લઈ બાજરિયામાં છનછનાવ્યું ને વાર્તાના અંતનું વાક્ય- બબડાટ સાથે હાથમાં આવેલું રોડું ખીજડા તરફ છનછનાવ્યું- જુદા જુદા સંદર્ભો સાથે પ્રગટ થાય છે.

પેંતરો વાર્તાનો સૌથી મહત્ત્વનો ભાગ છે એનાં વર્ણનો, એની કાવ્યાત્મક ભાષા. દા.ત. રસ્તો એની આંખોમાં અવળ-સવળ થવા લાગ્યો, આકાશમાં સાંજનો છાંયડો પથરાયો (પૃ.૨) વગેરે.

આ વાર્તાની ભાષા સંદર્ભે ડૉ. પ્રશાંત પટેલે કહ્યું છે કે, 'જ્યાં જ્યાં લેખક સંવેદનશીલ બની વાત કરવા જાય છે ત્યાં ત્યાં તેમની ભાષા અને ભાષા દ્વારા રજૂ થતું સત્ય આપણને સ્પર્શી જાય છે. ત્રીજા પુરુષનું કથનકેન્દ્ર સર્જકને બરાબર ફાવ્યું છે. ખૂબ નાના અને ઓછા સંવાદોથી સર્જકે પાત્રની માનસિકતા મૂંઝવણને જે રીતે ખોલી બતાવી છે તેમાં તેમની વાર્તાકાર તરીકેની કુશળતા રહેલી છે.'[૧૦૩]

વાર્તામાં આવતાં પુનરાવર્તનો ક્રિયાને વધુ તીવ્રતાથી દર્શાવવામાં અસરકારક નીવડે છે. દા.ત. દાંનો આકાશમાં થાળા પર બેસી બીડી ફૂંકી રહ્યો હતો.(પૃ.૨), પહેલા ત્રણે જણે બીડીઓના કસ ખેંચ્યા. (પૃ.૩) ત્રણે જણ દરવાજા પાસે આવ્યા. બીડીઓના કસ ખેચવા લાગ્યા. (પૃ.૫) દાનો બીડી પીવામાં સૂનમૂન થઈ ગયો.(પૃ.૫) કપાળનો પરસેવો લૂંછતો રતિયો અડધી બીડી એક્કી ફૂંકે પી ગયો(પૃ.૬) વગેરે. બકરાને કાપવો તથા બકરાનું રાતુંચોળ શાક આખી ઓરડીમાં ચારેકોર વેરાયું જેવાં વર્ણનો જુગુપ્સા ઉપજાવે છે.

વાર્તામાં આવતાં આ પ્રકારનાં વર્ણનો ગુજરાતી વાર્તામાં પ્રથમવાર આવે છે એ નોંધવું રહ્યું. દા.ત. ઉમેદ માતાજીનો બકરો ખાઈ ગયો, ટાઢિયા તાવથી મુત્તા છૂટી ગયા છે, બકરો વાઢવાનો બાકી હતો વગેરે (પૃ.૪). વાર્તામાં વ્યક્ત થતો બોલીપ્રયોગ પણ વાસ્તવની ધારને તીવ્રતાથી રજૂ કરે છે. દા.ત. ભેંમાએ હો હાટ.....કરી બકરાના ગળા પર છરો ફેરવવો શરૂ કર્યો (પૃ.૪) 'ઈહો.......કરતો દાનો ઊભો થયો.' (પૃ.૨) વગેરે.

'બળતરા'[૧૦૪] વાર્તા સામાન્ય ક્રિયાથી શરૂ થાય છે. વાર્તાનો આરંભ ઘરૂરાટી સાથે આવીને ઊભી રહેતી જીપથી થાય છે. દરરોજ કરતા ઓફિસે વહેલો આવતો વાર્તાનાયક કેતન આવતાની સાથે પટાવાળા દિનેશ પર અકળાય છે. પોતે વહેલો

૧૦૩. દલિત ચેતના, જૂન ૨૦૧૩, વર્ષ ૭, અંક ૮, પૃ.૨૯

૧૦૪. દલિતચેતના, જાન્યુઆરી ૨૦૦૮, વર્ષ ૨, અંક ૩, પૃ.૩

કેમ આવ્યો એનું ખાસ કંઈ કારણ નહોતું પણ ગઈ કાલે બપોરે એક મેલાઘેલા લૂગડાવાળો માણસ પોતાના હક્ક માટે કરગરતો હતો તે યાદ આવે છે. સમાંતરે પોતાને પોતાના બાપનો ઓશિયાળો ચહેરો યાદ આવે છે. આજે એ જે માણસની રાહ જુએ છે તે માણસ આવે છે. એ જમીન બાબતે પોતાની આપવીતી કહે છે. એ આવનાર માણસની વાતમાં ગૂંથાઈ જાય છે. એને એમાં પોતાના બાપા જેવો ઢીલો માણસ વરતાવા લાગે છે. બાપાની નિ:સહાયતા આવનાર માણસમાં જુએ છે. આવનાર માણસ જમીન બાબતે જેટલો ત્રસ્ત છે એટલા જ પોતાના બાપા જમીન બાબતે ત્રસ્ત છે. એને બાપાનાં વાક્યો યાદ આવે છે : " આ સામે રહી તે આપણી જમીન. રોડ પરની મોકાની. આપણા ગામમાં ઠાકોરોનો ત્રાસ હતો. વાવેલું બધું રાત્રે ઉપાડી જતા. બધા જમીનો વેચી અમદાવાદ-સુરત જતા રહ્યા. જમીન હોત તો શેરના વખા ના પડત ભઈ" વાર્તાનાયકને આ બધું સ્મરણે ચડતાં વાર્તાનાયક આવનાર માણસની કથની સાંભળી એની મદદ કરવા તાત્કાલિક દબાણ હટાવવા જાય છે.

વાર્તામાં બીજાના દુ:ખે દુ:ખી થઈ પોતાના ભૂતકાળને યાદ કરી મદદ માટે તૈયાર થતો વાર્તાનાયક કેતન 'પોસ્ટ ઓફિસ'ના અલીડોસાનું સ્મરણ કરાવે છે. વાર્તામાં ઘટનાની ભરમાર નથી પણ એક તરફ થતું દલિતોનું શોષણ, એના પ્રત્યે વ્યક્ત થતી સહાનુભૂતિનો સૂર સર્જકની વાર્તાકલાનો વિશેષ બની રહે છે.

'કમઠાણ'[૧૦૫] વાર્તામાં મોલ્લાને કમશીના ઘરેથી મરેલ ભેંસ લેવાનું કહેવામાં આવે છે. બદલામાં મોલ્લો અધમણ દાણા અને પચી રૂપિયા આપવાની શરત મૂકે છે. પણ કમશી ખાલી દાણા આપવાની વાતે સહમત થાય છે. પણ મોલ્લો માનશે નહીં એમ લાગતા કમશી શરત માની ગયો. મોલ્લાને આજ કમશીનું વેર લેવાનો બરોબર લાગ મળ્યો હતો. પોતે બીજા માણસોને તમે પહોંચતા થાવ હું હમણા

---

૧૦૫. દલિતચેતના, ડિસેમ્બર ૨૦૦૮, પૃ. ૧-૬

આવ્યો એમ કહી શેરીમાં વળે છે. મોલ્લો ઘરે જઈ વિચારે ચડે છે કે એમની ગંધ આપણે સાફ કરીએ ને એ લોકો આપણાથી અભડાય? પોતે છરીથી અંગૂઠાના નખની ધાર કાઢે છે ને વિચારે છે કે ભેંસના ફૂલી ગયેલા પેટ પર પોતે કચ્ચ દેતો નખ મારી દબાવે છે ને ભયંકર દુર્ગંધ ફેલાઈ જાય છે. એનાથી કમશીને આંતરડાં બહાર આવી જાય એવી ઊલટી થાય છે ને મોલ્લો એ જોઈને જાણે કમશીના ઘરમાં નાચે છે, કૂદે છે, આળોટે છે.

અગાઉ ગામમાં સરપંચના ભાઈ બળદેવની છોકરી તળાવમાં ડૂબી ગઈ હતી એને બચાવવા મોલ્લો તળાવમાં કૂદી પડ્યો હતો. બીજા લોકો પણ છોકરીને બચાવવા તળાવમાં પડ્યા હતા ને એ લોકોએ છોકરીને જીવતી કાઢી હતી ત્યારે આ જ કમશીની ચડામણીથી મોલ્લા પાસેથી રૂપિયા પાંચસોનો દંડ વસૂલવામાં આવ્યો હતો. એટલા માટે કે મોલ્લો દલિત હતો ને એ તળાવમાં પડવાથી તળાવ અભડાઈ ગયું હતું. એણે કરેલી મદદનો આભાર માનવાને બદલે બીજા દિવસે ગામલોકો તળાવને પવિત્ર કરવા હવન કરે છે.

હવે બરોબરનો લાગ જોઈ મોલ્લો ભેંસને તાણવા આવે છે. ભેંસ ઓસરીમાં પડી છે. મોલ્લો કહે છે કે અમે ઘરમાં ન જઈએ. ગામ દંડ લે તો પૈસા ક્યાંથી લાવવા? કમશી કહે છે કે હું બેઠો છું. કોઈ દંડ નહીં લે પણ મોલ્લો કહે છે મારે કોઈનું ઘર નથી અભડાવવું. આજે કમશી મોલ્લાને સામેથી ઘરમાં જવાનું કહે છે પણ મોલ્લો પોતાની જીદ પર અડગ રહે છે. સરપંચને બોલાવાય છે. વાર્તાના અંતે મૂછમાં મલકાતો મોલ્લો પોતે સર્જેલા કમઠાણથી ખુશ છે એવું ભળાય છે. પોતે નક્કી કર્યું હતું કે મોડો જાય ત્યાં સુધીમાં ભેંસ બરાબરની ફૂલી જાય ને સજાવેલા નખ ભરાવી બરાબરની ગંધ ફેલાવે પણ ભેંસ પાસે પહોંચતા સુધીમાં એના મનમાં કમશીનું વેર લેવાનું નવું કમઠાણ સર્જાય છે.

'કમઠાણ' માં આવતાં વર્ણનો દલિતોના વ્યવસાયનું નિરૂપણ વાર્તાકારની સૂક્ષ્મ નિરીક્ષણશક્તિને પ્રગટ કરે છે. તળપ્રદેશનાં આ પ્રકારનાં વર્ણનો એકદમ એના અસલ રૂપમાં વ્યક્ત થયાં છે. દા.ત. ગઈકાલે એ ભેંસનેય શું થયું? કે રાત્રે ટાઢીબોળ થઈ ગઈ. સવારે કમશી વાસમાં આવી કહી ગયેલો. આ વખતે ભેંસનો વારો કાનાભાનો હતો. કાનાભાએ રમલા અને નાથાને દસ દસ રૂપિયા આપવાની શરતે એક્કો લઈ તાણવા મોકલ્યા હતો. બહાર ઊભા રહીને જોયું તો ગરમીથી ભેંસ ફૂલીને ભંભોલા જેવી થઈ ગઈ. (પૃ.૧) વાર્તામાં આવતી કહેવતો પણ પ્રાદેશિક બોલીના સૌંદર્યને આબાદ રીતે રજૂ કરે છે. દા.ત. ભઈ શું કામ ઊડતું તીડ ગાંડમાં ગાલઅ (પૃ.૨) વગેરે. પાત્રોની ક્રિયાઓ પણ વાર્તાક્ષણને આબેહૂબ રજૂ કરે છે. દા.ત. પાઘડીમાં આંગળ ઘાલી માથું ખણતા કમશી તરફ મોલ્લો ત્રાસી નજરે જોઈ રહ્યો. (પૃ.૧), કમશી અવાક બની ગયો હતો. નાથો ઊંધું ગાલી પગ વડે જમીન ખોતરતો હતો. (પૃ.૫) વગેરે.

આભડછેટને સીધે સીધી બતાવીને દલિત પાત્રનાં મન:સંચલનોને વ્યક્ત કરવામાં સર્જક મહદંશે કામિયાબ રહ્યા છે. અલબત્ત 'વારો' અને 'કમઠાણ'નું વાર્તાવસ્તુ વાસ્તવની ભોં પર મંડાતું, તળ પ્રદેશનું, દલિતોના વ્યવસાયનું અસલરૂપ વ્યક્ત કરે છે એ નોંધવું રહ્યું. આ સંદર્ભે પ્રો. ભરત મહેતાએ કહ્યું છે કે, ''સરપંચને ગેરમાર્ગે દોરનાર કમશીને એ જ સરપંચ પાસે મોકલીને મોલ્લો મલકાય છે. આખા કમઠાણમાં મનુષ્યચિત્તનાં સંચલનોને લેખકે સૂક્ષ્મતાથી ઝિલ્યાં છે. વિદ્રોહની વાર્તા ઠંડા કલેજે કહેવાઈ છે.''[૧૦૬]

અહીં અન્યાયનો બદલો લેવાની ભાવના, તળપ્રદેશનું વાતાવરણ અને લેખકનો એ પરિવેશનો અનુભવ ખપમાં લેવાની આવડત વાર્તાને ઉપકારક બની રહે છે. વાર્તામાં દલિતસંદર્ભ અને વ્યક્ત થયેલ સંવેદન અસરકારક છે.

---

૧૦૬. દલિત ચેતના, માર્ચ ૨૦૧૦, પૃ.૧૪

'યોદ્ધો'[૧૦૭] વાર્તામાં પ્રાણી પોતે જ પાત્ર છે, નાયક છે. પવન નામના અશ્વની સ્મૃતિમાં વાર્તા આકાર લે છે. એક સમયે પોતે રણમેદાનને ઘમરોળતો હતો પણ પગમાં દુઃખાવાને લીધે બધો ખેલ બગડ્યો છે. પોતાની આંખો સામે પાછલા દિવસો આવી ઊભા છે. પોતે કેટલી જહેમત ઉઠાવીને આગળ રહેવા મરણિયા પ્રયાસ કરતો. અલબત્ત એમાંય દાવપેચ ઓછા નહોતા થતા. પવનને પાછળ રાખવા માટે એના આગળના જમણા પગમાં લાત મારીને પાછળ પાડી દેવાય છે. બે ચાર દિવસમાં સ્વસ્થ થયા પછી બમણા જુસ્સાથી પવન ખુદ તોફાન બની ઘોડાઓની સાથે દોડે છે ને પોતે જીતી જાય છે. વાર્તાના અંતે એ આળોટવાની મજા લૂંટે છે ને યોદ્ધાની જેમ ખુશ થાય છે.

'યોદ્ધો'માં પવનની વાત દ્વારા કચડાયેલ, શોષિત વર્ગની વાત થઈ છે. દા.ત. બધા ઘોડા સામે પડ્યા. બધા બળીને ખાખ થઈ ગયેલા લાગ્યા. એમને બાળવા બરોબર ડોક હલાવી. સાલાઓ ક્યાં સુધી અમને કમજોર ગણશે? પ્રશ્ન સાથે એમનામાં ખુમારી પ્રગટી (પૃ.૧૧). અન્ય જગ્યાએ પણ વર્ણનો દ્વારા દલિત સંદર્ભ જોવા મળે છે. દા.ત. જીત માત્ર મેદાનની ન હતી. એની જીત વર્ષોના અન્યાય સામે એક સમુદાયની જીત હતી (પૃ.૧૧) વગેરે.

વાર્તા વર્ણનાત્મક સ્તરે આગળ વધે છે. કોઈ પણ વ્યક્તિ એમાં પાત્ર તરીકે નિરૂપાઈ નથી છતાં શોષણ અને વિદ્રોહની વાત પવનના પાત્ર દ્વારા દર્શાવીને કચડાયેલા વર્ગના પ્રશ્નને પ્રતીકાત્મક વાચા આપવી એમાં સર્જકચેતનાનું નવું પરિમાણ સર્જકનો વિશેષ બની રહે છે. વાર્તામાં બોલીપ્રયોગ બિલકુલ નથી. પ્રાણીના સંવેદન દ્વારા વ્યક્તિમાત્રની સંવેદના બરોબર વ્યક્ત થઈ છે. દા.ત. પવને પગ પછાડ્યા. રેસની પસંદગી વખતે આઉટ કરાવનાર પેલા દુશ્મન ઘોડા પર એણે નફરત વેરી... ઘોડાના ટાંટિયા ભાંગવાનો એણે પાક્કો નિર્ધાર કર્યો છે વગેરે.

---

૧૦૭. હયાતી, જૂન ૨૦૦૯, પૃ.૯

(પૃ.૯) વર્ષો પહેલાં પોતાની સાથે થયેલા અન્યાયનો બદલો લેવા પવન પાક્કા નિર્ધાર સાથે બધાં બંધનો તોડી રેસમાં દોડી બતાવે છે. એમાં હારી જવાને બદલે જજૂમીને જીતવાનું જોમ ખૂબીપૂર્વક રજૂ થયું છે.

'વરંડો'[૧૦૮]ની શરૂઆત એક ટૂંકા વાક્યથી થાય છે. 'નારણની આંખ ઊઘડી ગઈ.' પોતે માતાજીના ગોખલા પર નજર નાંખે છે. એ વહેલો ઊઠી ગયો છે. ગામના નાનજી મહારાજ આભડછેટિયા છે એવી વાત પોતે સાંભળી છે. પોતાના સાંભળવામાં પણ બીજી એક બાબત આવી છે ને એના આધારે નક્કી કરવાનું છે કે મા'રાજ સાથે વહેવાર રાખવો કે નહીં. નારણ પોતે ગામનો સરપંચ છે. તે મનોમન વિચારે છે કે સૌથી વધુ પૈસા પોતે ક્યાંથી કમાયો છે તો ખ્યાલ આવે છે કે બાજુના ગામમાં બે વર્ષ પોતે કામ કરેલું. ત્યાંના બાપજીનો ભલો જીવ એ યાદ કરે છે. આભડછેટની વાત પોતાને મનઘડંત લાગે છે. પોતે બાપજીને બે હજાર દાન આપવાનું કહેલું પણ બાપજી જરૂર પડશે ત્યારે માગશે કહીને વાત ટાળતા હતા. નારણને લાગે છે કે જમાનો બદલાઈ ગયો છે. વાસમાં તેણે કહ્યું છે કે હવે લોકો ક્યાં અભડાય છે? ત્યારે બધાય ઉકળી ઉઠેલા ને સ્થિતિ જેમની તેમ જ છે એમ કહે છે.

ગામમાં પોતાના વાસમાં કોટ ચણવાની વાત આવે છે ત્યારે માણસદીઠ પચાસ રૂપિયા ઉઘરાવવાનું નક્કી થાય છે ત્યારે બધાની સાથે નારણ પણ વિરોધ કરી ઊભો થઈ જાય છે. ગામમાં સરપંચની સીટ દલિત અનામત હતી ને સંજોગવશાત્ બેય વાસની વસ્તીએ ભેગા મળી નારણને સરપંચ જાહેર કર્યો છે. નારણને હતું કે ગામલોકો ભાવિ સરપંચ તરીકે પોતાને ચા પીવા બોલાવશે પણ કોઈ બોલાવવા આવ્યું નહીં. પછી જાણવા મળે છે કે બોલાવવા તૈયાર તો થયા હતા પણ નાનજી મા'રાજ વચ્ચે પડ્યો. નારણ મંદિરે જાય છે. એને મા'રાજનો ચહેરો

---

૧૦૮. દલિત ચેતના, જુલાઈ ૨૦૦૯, પૃ. ૪-૯

આજે ભેદભરમવાળો લાગે છે. એને આજે ખાતરી કરી લેવાનું મન થાય છે. આરતી વખતે નારણ ખિસ્સામાંથી પચાસની નોટ કાઢી મૂકે છે. નારણ મંદિરની બહાર નીકળે છે ત્યાં પાછળથી આવીને રેવી એને એ જ પચાસ રૂપિયા આપે છે ને કહે છે, ''લ્યા નારણભાઈ પચાસ રૂપિયા મારું દેવું પૂરું. ફરીથી કોક દહાડો જરૂર પડઅ તો આપજો ભઈ''

આ એ જ નોટ છે જે એણે આરતીમાં આપી હતી. રેવીને આ પૈસા નાનજી મા'રાજે જ આપ્યા છે. નારણને હવે ખરું ભાન થાય છે ને બીજી જ પળે પોતાના ખર્ચે વાસના બધાને વરંડો ચણી લેવાનું કહે છે. નારણની અંદર આવતી આ જાગૃતિ, એની ભીતર રચાતું અજવાળું વાર્તાકાર સફળતાથી દર્શાવી શક્યા છે. આ સંદર્ભે કલ્પેશ પટેલે નોંધ્યું છે કે, ''અહીં વાર્તાકારે જાણ્યે અજાણ્યે આપણી ધર્મસંસ્થાઓ કેવી રીતે સ્થાપિતહિતો સાથે ભળેલી છે એનો કલાત્મક ચિતાર આપ્યો છે. વળી સ્વચ્છતા અને પવિત્રતાની દુહાઈ આપતા તથાકથિત ધાર્મિકો ભીતરથી કેટલા ખોખલા છે, એ પણ બતાવી આપ્યું છે.''[૧૦૯]

અહીં શરૂઆતમાં નારણનો સવર્ણો પ્રત્યેનો ભારોભાર પ્રગટ થતો અહોભાવ એનો ભ્રમ તૂટતા બમણા આક્રોશથી વાસનો વરંડો ઊભો કરવામાં વ્યક્ત થાય છે. બધી વાતે સમાધાનકારી વલણ અપનાવતો નારણ પોતાનું આભડછેટ બાબતે થતું અપમાન જાણી વાસના મંદિરનો વરંડો ઊભો કરવા તૈયાર થઈ જાય છે. જે મા'રાજને પોતે ભલો જીવ માનીને મંદિરમાં દાન આપવાનું વિચારતો એ જ વખતે મા'રાજે જરૂર પડશે ત્યારે માગીશ કહી વાત ટાળી હતી પરંતુ મા'રાજના અતિ પ્રભાવમાં રત નારણને મા'રાજની આભડછેટની મનોવૃત્તિની ખબર ન હતી. એ વાસના લોકોને પણ કોસતો રહે છે પરંતુ પોતે પૈસા મંદિર માટે આપવાના હતા. વરંડા માટે નહીં ને છતાં ભક્તિભાવથી પોતે વરંડા

---

૧૦૯ દલિત ચેતના, નવે.-ડિસે. ૨૦૧૦, વર્ષ ૫, અંક ૧,૨, પૃ.૮૩

માટે પૈસા આપે છે. વાર્તાને અંતે મહારાજની વૃત્તિની ખબર પડે છે ત્યારે પોતાના જ વાસનો વંડો કરવાનો વિરોધ કરતો નારણ વરંડો પોતાના ખર્ચે કરાવવા તૈયાર થાય છે. એમાં પાત્રનું થતું ભ્રમનિરસન જોઈ શકાય છે.

વાર્તાની શરૂઆતમાં લેખક જે રહસ્ય ઊભું કરે છે તે અંતમાં પ્રગટ થાય છે. દા.ત. એમાંય વળી ગયા રવિવારે એક બાબત એના ધ્યાનમાં આવી. આજે કારસો ગોઠવવાનો હતો. (પૃ.૪) ગામલોકો દ્વારા જાણવા મળે છે કે રેવી અને એનો પતિ મંદિરમાં વાળવા જાય છે ત્યારે મા'રાજ કહે છે કે તમે બારથી વાળી દો, અંદર હું વાળી લઈશ. આ ઉપરાંત નાનજી મા'રાજને હરિજનોનો ઓછાયો પડે છે એટલે વરંડો ઊંચો કરવાનું કહે છે ત્યારે જ નારણનો અહોભાવ ઓગળી જાય છે ને એની ખાતરીરૂપે જ એ પચાસની નોટને કંકુની નિશાની કરી આરતીની થાળીમાં મૂકે છે. ગામમંદિરનો વરંડો લેવાની વાતમાં પણ નારણને આગળ કરાય છે. આ વાર્તા બાબતે ડૉ. પારૂલ કંદર્પ દેસાઈએ યોગ્ય જ કહ્યું છે કે, ''સંજય ચૌહાણની 'વરંડો' વાર્તા દલિત સમાજના અનેક પ્રશ્નોને એક સાથે પૂરા સામર્થ્યથી મૂકી આપે છે.''[૧૧૦]

વાર્તામાં આવતી કહેવતો વાર્તાના વિષયવસ્તુને કલાત્મક બનાવે છે. દા.ત. બાવળને વાડીમાં વાવીએ તોય કાંટા જ આવે, હાથીના પૂંછડે લબડીએ તો વેજોળી દે, આંગળીથી નખ વેગળા એ વેગળા ભાઈ વગેરે. દલિતપાત્રની એકતરફી સારપ સામે નાનજી મા'રાજનું પાત્ર વર્ષોથી ઘર કરી ગયેલી આભડછેટને રજૂ કરે છે. વાર્તાનું એક વાક્ય છે એમ ''કોઈ પાડાનું પૂછડુંય નહીં બદલાયું, અંદરથી બધું ઈમનું ઈમ છઅ'' એ સાંપ્રત સમયમાં પણ એટલું જ પ્રસ્તુત છે. વાર્તામાં મુખ્યધારાનો પ્રભાવ અને એમાં ભળવા આતુર પાત્રનું પ્રભાવક માનસ ધ્યાનાકર્ષક છે. નાનાં ગામડાંઓમાં આજે પણ અસ્પૃશ્યતા લોકોને કેવી કોઠે પડી છે એનું વરવું ચિત્ર આ વાર્તામાં જોવા મળે છે.

---

૧૧૦. ગુજરાતી નવલિકાચયન, ૨૦૦૯, સંપા. પારૂલ કંદર્પ દેસાઈ

'ઠરાવ'[111] વાર્તામાં ચમન પોતાના ઘરે બેસાડીને રઘાને દારુ પીવડાવી પોતાનું ધાર્યું કામ કરાવવા મોકલે છે. વાર્તામાં રઘો માત્ર પ્યાદું બનીને રહી જાય છે. ગ્રામપંચાયતની ચૂંટણીમાં ચાર દિવસ પહેલા સરપંચ પરબત પટેલ પેનલનો ભલોજી પલટી મારીને અભેરાજની પેનલમાં જાય છે એનો આઘાત પરબત પટેલ કરતા રઘાને અને એના ઘરનાને વધુ છે. કેમ કે પરબત પટેલ રઘાને પંચાયતમાં પટાવાળા તરીકે રાખવા કાયમી ઠરાવ કરવાના હતા પણ એમની પેનલ ઊડી જતા રઘો નવરો થઈ ગયો. રસ્તામાં રઘાને ચમનાજી મળે છે ને ખબરઅંતર પૂછે છે ને રઘાને બીડી પીવડાવી પૂછે છે કે ''હાળા તમે કાંઈ કરી ના શકો?'' ને રઘાને વિશ્વાસમાં લઈ બરાબરનો ચડાવે છે. ઘરે બોલાવી દારુ પીવડાવી 'રેડી' કરીને ભલાજીને ધોલધપાટ કરવા મોકલે છે. રઘો ચિક્કાર દારુ પીને ભલોજી પાસે જાય છે. ભલોજી સરપંચની ખુરશીમાં બેઠો છે એને જોતા પોતે રાડ પાડે છે પણ શબ્દ નીકળ્યો નહીં. અહીં પાત્રની કચડાયેલી સ્થિતિ જોવા મળે છે. ભલો સામે આવતા પોતે ધ્રૂજી ઉઠે છે. રઘાને મૂંઝારો થાય છે. ભલોજી આવવાનું કારણ પૂછે છે ત્યારે રઘાને અડધો દારુ ઉતરી જાય છે ને ઝડપથી ચોક વચ્ચે આવે છે. ભલાની સાથે ભૂતકાળમાં લાકડાં ભરવા ગયો ત્યારે દલાએ ભાડું વધારવા જીદ કરી ને એ વખતે ગુસ્સે થયેલા ભલાનું સ્મરણ થતા રઘો ફફડી જાય છે. પોતે દલા જેવી દશામાં ન મૂકાઈ જાય એ માટે ભાગવાનું નક્કી કર્યું ત્યાં એની નજર ભલાના હાથમાં મુઠ્ઠીમાં ગોળ વાળેલો કાગળ દેખાયો. રઘાને ખ્યાલ આવે છે કે એ પોતાની નોકરીનો કાગળ છે પરંતુ ભલા પાસે રઘો આવતા ઠરાવના ટુકડે ટુકડા કરી હવામાં ઉછાળે છે. રઘો ઉછળી ઉછળીને ટુકડા લેવા જાવાં નાખે છે પરંતુ હાથમાં નોકરીના કાગળને બદલે નોકરી ગુમાવવાનો વારો આવતા રઘો અત્યંત કરુણ સ્થિતિમાં મૂકાઈ જાય છે.

---

૧૧૧. દલિતચેતના, મે ૨૦૧૧, વર્ષ ૫, અંક ૭

વાર્તાના અંતમાં પોતાના કહ્યા પ્રમાણે રઘાએ કામ કર્યું કે નહીં એ જોવા જતા ચમનજી રઘાની રમતી દશા જોઈ બીડી મસળીને પાછા વળી જાય છે. આ વાર્તા સંદર્ભે ડૉ. સુરજિતસિંહ તહેવર નોંધે છે કે પોતાની નોકરીનો ઠરાવ ફાડીને હવામાં નાંખવાની ચેષ્ટા કરતા ભલાજી તરફ ગુસ્સે થવાને બદલે એ કાગળના ટુકડા ઝીલી લેવા રઘો હવાતિયા મારે છે. આમ અહીં કહેવાતા બીજા સમાજ દ્વારા પછાત સમાજને કેટલી હદે પીડવામાં આવે છે મજાકરૂપ બનાવવામાં આવે છે તેની વાત કલાત્મક રીતે રજૂ કરાઈ છે.[૧૧૨]

'ઠરાવ' માં રઘાની દયનીય સ્થિતિ દર્શાવાઈ છે. રઘાના વ્યસનને જ એની નબળાઈ તરીકે ખપમાં લઈ એનો ઉપયોગ કરી પોતાનું ધાર્યું કામ કરાવવા ચમનજી રઘાને હાથો બનાવે છે. પરંતુ રઘો ફસાઈ જતા નોકરી પણ ગુમાવે છે અને એને ચમનજીની મદદ પણ મળતી નથી. આ વાર્તાસંદર્ભે ડૉ. જયેશ ભોગાયતાએ યોગ્ય જ કહ્યું છે કે, ''વાર્તાકારે રઘાની ભલાજીના ઘેર જવાની, ત્યાંથી પંચાયત ઓફિસે જવાની સ્થિતિનું વર્ણન કર્યું છે તેમાં રઘાની પાત્રગત વિશેષતાઓ વ્યક્ત થઈ છે. સત્તાધીશોની  સત્તાની ભૂખની લડાઈમાં રઘાનું ભાવિ જે રીતે ટુકડે ટુકડા થઈ ગયું તે કરુણ ક્ષણને વાર્તાકારે સૂચક રીતે નિરૂપી છે.''[૧૧૩] ગામડાનું રાજકારણ અને એના આટાપાટા તેમજ એમાં શોષાવાનું ગરીબ માણસના ભાગે જ આવે એવા વિષયવસ્તુવાળી આ વાર્તા કલાકીય પરિમાણોમાં પાર ઉતરે છે. સર્જનકળાની દૃષ્ટિએ ઠરાવ વાર્તા વાચકચિત્ત પર ચિરંજીવ છાપ છોડી જાય છે.

'રંગ'[૧૧૪] વાર્તાનો પ્રારંભ ચારોતરફ ધૂળ ઊડવા લાગી જેવા ટૂંકા વાક્યથી થાય છે. છોકરાઓ સફાઈ કરી રહ્યા છે ને વાર્તાનાયક દેવજીને એકતરફ ખસવાનું કહે છે પણ દેવજીને થાય છે કે ખસીને જાઉં તો ક્યાં જાઉં ? આજે એની સાથે થયું

---

૧૧૨. દલિતચેતના, માર્ચ ૨૦૧૪, વર્ષ ૮, અંક ૫, પૃ.૨૮

૧૧૩. ગુજરાતી નવલિકાચયન : ૨૦૧૧, સંપા. જયેશ ભોગાયતા

૧૧૪. રંગ, દલિતચેતના, જૂન ૨૦૧૨, વર્ષ ૬, અંક ૮, પૃ.૫

છે જ એવું કે એને થાય છે ભલે પોતે ધૂળ ધૂળ થઈ જતો ને ભલે ધૂળ ઊડવાથી ઉધરસ ચડતી.

કોઈ ગામમાં એન.એસ.એસ.નો શિબિર રાખ્યો છે ત્યાં દેવજી જે કોલેજમાં પ્રોફેસર છે એ જ કોલેજની ભૂતપૂર્વ વિદ્યાર્થિની સ્મિતા રહે છે. ઘટના માત્ર આટલી જ છે પણ તે દેવજીની આંખ ઉઘાડી દે છે. બધો સ્ટાફ સાથે ઊભો છે ત્યાં પોતાની ભૂતપૂર્વ વિદ્યાર્થીની સ્મિતા આવીને દેવજી સિવાય બધાને ચા પીવા પોતાના ઘરે બોલાવી જાય છે. છોકરાઓનું ધ્યાન કોણ રાખશે એવા પ્રશ્નના જવાબમાં સ્મિતા કહે છે કે દેવજી સર ક્યાં ચા પીવે છે? એ ધ્યાન રાખશે. પણ હકીકતમાં પોતે ભણતી હતી ત્યારે પોતાના અભ્યાસાર્થે દેવજીની મદદ માટે અવારનવાર આવતી ને દેવજીએ ખૂબ મદદ કરેલી એ વખતે વાતવાતમાં વાર્તાનાયક દેવજી હરિજન છે એવું સ્મિતાને ખબર પડે છે ને ત્યારથી એના ચહેરાનો રંગ ઊડી જાય છે. ત્યાર પછી સ્મિતા ક્યારેય મળવા તો નથી આવી પણ પોતે પ્રોફેસર બની ગઈ છે એ આ જ દેવજીની મદદને લીધે ને આ જ દેવજીની ભલામણથી બની છે છતાં આ કક્ષાએ પહોંચ્યા પછી પોતે જે ભેદભાવ રાખે છે તે અહીં સાદ્યંત નિરૂપાયું છે.

અહીં વાત માત્ર ચા પીવાની નથી પણ જે રીતે દેવજીની ઉપેક્ષા થાય છે, માત્ર જ્ઞાતિએ હરિજન હોવાથી એને કોઈ જ ગણતરીમાં લેવામાં નથી આવતો એ વેધક રીતે નિરૂપાયું છે. શિક્ષિતવર્ગમાં પણ આભડછેટ કેટલી હદે વ્યાપેલી છે એ 'રંગ' વાર્તા કલાત્મક રીતે પ્રસ્તુત કરે છે. કોલેજ દ્વારા બોલાવાયેલ પેન્ટર દ્વારા 'પરિવર્તન સંસારનો નિયમ છે' એવાં સૂત્રો લખાઈ રહ્યાં છે ને રંગો ચારે તરફ ફેલાતા હોય તેવું લાગે છે પરંતુ દેવજીને આ રંગો પણ પોતાનાથી દૂર ભાગી રહ્યા હોવાનો આભાસ થાય છે. વાર્તાના અંતમાં દેવજીને દીવાલ પરનો લાલ રંગ સ્મિતાના ચહેરાના બદલાયેલા રંગ સાથે ભળતો લાગે છે. બધા મિશ્ર થયેલા રંગો દેવજીને પોતાનાથી દૂર ઊભા રહી ગયેલા લાગે છે. પોતે અસ્પૃશ્ય છે એનો

માણસને અફસોસ ન હોય, પણ એને જે રીતે જોવામાં આવે છે, અસ્પૃશ્ય હોવાનો અહેસાસ કરાવવામાં આવે, એની જે રીતે અસ્પૃશ્ય તરીકે ઉપેક્ષા કરવામાં આવે છે એ રંગ વાર્તામાં રંગોની ક્રિયા દ્વારા પ્રતીકાત્મક દર્શાવ્યું છે.

'વળાંક'[૧૧૫] વાર્તામાં વાર્તાનાયક ભેમો વરસોથી ગટરનું કામ કરી કરીને થાક્યો છે. માંદો પડ્યો છે. નિવૃત્ત જીવન ગાળે છે પણ સફાઈ કામદારનો મુકાદમ અમરતને મફાના ઘર તરફ જતો જોઈ એને થાય છે કે નક્કી સ્ટેશનવાળી ગટર ઉભરાઈ હોવી જોઈએ. એને સ્ટેશન પર આવેલ ચાની કેબીનવાળા કેસાજી સાથે બદલો લેવો છે એ ન્યાયે પોતે ખુશ છે કે સ્ટેશનવાળી ગટર ઉભરાય એટલે કેસાજીની દશા જોવા જેવી થશે પરંતુ અમરત ગમે તેવું કામ હોય પોતાને ત્યાં આવતો તે આજે પોતે માંદો છે એટલે બોલાવતો પણ નથી એમાં એને પોતાની ઉપેક્ષા કરતાય હવે પોતે કશા કામનો રહ્યો નથી એવો અહેસાસ થાય છે. મફાના ઘરેથી પાછા ફરતા અમરતની પોતે રાહ જોવે છે ને અમરત આવતા જાણવા મળે છે કે સ્ટેશનવાળી ગટર ઉભરાઈ છે. પોતે એ જ ઇચ્છતો હતો કે ગટર ઉભરાય ને એના પાણી ચોતરફ ફરી વળે. ભેમાને કેસોજી જાણે ગારા સામે ઊબકા ખાતો દેખાય છે.

પોતે બે મહિના પહેલા સ્ટેશને ગયો ત્યારે તડકાથી બચવા કેસાજીના ગલ્લા પાસે છાંયડો જોઈને ઊભો હતો ત્યારે કેસાજીએ એનું એ આગો હટ દિયોર કહીને અપમાન કરેલું તે યાદ છે. ભેમાને હાડોહાડ લાગી આવે છે કે માણસ તરીકે પોતાની કોઈ ગણતરી જ નહીં? પોતે રોજ ઉભરાતી સ્ટેશનવાળી ગટર સાફ કરતો ને કોઈ ન કરી શકે એવું કામ કરતા ભેમાના મનમાં એક જ પ્રશ્ન છે કે આવું કામ કરવાનું તોય કેસાજી જેવા છાંયડે બે ઘડી કેમ ઊભા રહેવા ન દે? એને થાય છે કે અમે બે ઘડી છાયામાં ઊભા ન રહી શકીએ?

---

૧૧૫. દલિતચેતના, ઓક્ટોબર ૨૦૧૩

ભેમો બીમાર છે પણ એ ગટરોથી ત્રાસેલા કેસાજીની મનોદશા જોવા સ્ટેશન જવાનું વિચારે છે. ખાટલામાંથી ઊઠી ન શકતા ભેમાને કેસાજીનો તાલ જોવા માટે અચાનક તાકાત આવી જાય છે ને પગમાં ખાસડાં પહેરી સ્ટેશને જાય છે. એને થાય છે કે આજે કેશાજીનું લોહી પી જવું છે પણ જેવું સ્ટેશન નજીક આવે છે કે ગટરના પાણીની ગંધ નાકમાં આવે છે. પોતે એટલો ખુશ છે કે હવામા લાકડી ઉગામે છે. પરંતુ સ્ટેશન પહોંચે છે ત્યારે ભેમો જુવે છે કે કેસોજી એકલો કોઈના આવવાની રાહ જોઈને થાક્યો છે એ કહે છે, ‘લ્યાંઆ ભેમો આવ્યો......જાણે ભગવાન આયા...હમણાં ગટર સાફ........ભઈ ભેમા હેડને અમે તો તારી જ રાહ જોતા હતા.’ ભેમાએ તરત બીજા બધાનો વિચાર કરી ગટર સાફ કરી નાખી. ગટર સાફ કરીને જતા ભેમાને કેસાજી ચા પીવાનો આગ્રહ કરે છે પણ ભેમો વળાંક વટાવી ચાલતો થાય છે.

અહીં ભેમાના પાત્રની ખુમારી જોવા મળે છે પણ સાથે સાથે વર્ષોથી ઘર કરી ગયેલી અતિશ્રમ કરવાની આદત, ભેમાના પાત્રમાં દેખાતી સહિષ્ણુતા તેમ જ કામ પ્રત્યેની ધગશ એના પાત્રને નવી ઉંચાઈએ લઈ જાય છે. સામાન્ય વાતમાં પોતાનું થતું ઘોર અપમાન અને અતિ કઠિન કામમાં જરા અમથું કહેવાથી તુરંત વ્યસ્ત થઈ જવું એમાં ભેમાનું ઉદાર વ્યક્તિત્વ જોવા મળે છે. ભેમાના પાત્રનું આવું ઉંડાણ વાર્તાકારનો વિશેષ બની રહે છે. વાર્તામાં આવતાં કલ્પનો ને કહેવતો વાર્તાવસ્તુને ગતિ અર્પવાની સાથે સાથે ગુજરાતી ભાષાની સમૃદ્ધિ વ્યક્ત કરે છે. દા.ત. ડોસીની આંખો ખભે આવી ગઈ, મરતોય નથી કે મોચો મેલતોય નથી, ભગાના ભોલ જેવી (પૃ.૨). ધોકો ઠક ઠક કરતો ચાલ્યો (પૃ.૪), દિયોર ભર્યા બજારમાં મારી આબરુ પર પાદ્યો સે આજે છોડું કે? (પૃ.૬) વગેરે.

'લાશ'[૧૧૬] વાર્તા આ સર્જકની નોખી ભાત ઉપસાવતી કૃતિ છે. અડધી રાતે લવજીને કોઈ બોલાવવા આવે છે. બારણું ખોલીને જુવે છે તો સરપંચ છે. એ માંડીને વાત કરે છે કે કેટલાક દિવસથી ગામમાં એક ગાંડો ફરતો હતો તે ઓટલે મરેલો પડ્યો છે ને એને રાતોરાત સ્મશાન ભેગો કરવાનો છે. આ વાત સાંભળીને લવજી ખુશ થાય છે. એટલા માટે કે આ તો એના માટે રમત વાત હતી ને બદલામાં દાણા મળશે. લવજી પોતાની સાથે મનોરને લઈ જાય છે. બંને લારી લઈને ગામના ઓટલા પરથી લાશ ઉઠાવી સરપંચની સૂચના મુજબ સ્મશાન પાસેના મંદિરમાંથી લાકડા માંગી લાશને સળગાવવાની હતી. લવજી અને મનોર ગામના સીમાડા બાજુ સ્મશાને જાય છે. રસ્તામાં ભેંકાર અંધારું છે, કૂતરા ભસે છે.

જે ગામના સ્મશાનમાં વાલ્મીકિ લોકોને બાળી ન શકાય એ જ વાલ્મીકિ સમાજના આ બંને વ્યક્તિ લાશને બાળવા જાય છે. ભૂતકાળમાં વાલ્મીકિ કુટુંબો સાથે બનેલી ઘટના યાદ આવે છે. ત્યારબાદ એ જ સ્મશાનનમાં પોતે ભૂતકાળમાં ગામલોકોના કહેવાથી ખાડો ખોદવા ગયો હતો. આજે બંને કોઈ અજાણ્યા માણસની લાશ લઈને જઈ રહ્યા છે ત્યારે લાશની બીક કરતા વધુ બીક તો બંનેને જીવતા માણસની છે કે કોઈ જોઈ જશે તો શું જવાબ આપીશું? બંને મંદિર તરફ જાય છે. રસ્તામાં કરસનજીના નીચાણવાળા વાસ તરફ જઈને લવજી દારુની કોથળી લઈ આવે છે. લાશની દુર્ગંધથી બચવા અને પીધા વગર આવું કામ અડધી રાતે થતું હશે? એવા વિચારે બંને રસ્તામાં દારુ પીવે છે, લાશ ઉપર પણ દારુ રેડે છે. લાશનું અને હવે લાકડાનું વજન ખેંચવા માટે લેવાતો દારુનો સહારો અહીં ઘર કરી ગયેલી માનસિકતાને વ્યક્ત કરે છે. આ સંદર્ભે ડૉ. મહેશ બારોટે કહ્યું છે કે, ''વાર્તાકાર આવા નિમ્ન સમાજોમાં પ્રવર્તતા વ્યસનો તરફ અંગુલીનિર્દેશ કરે છે કે આ કામ

૧૧૬. દલિતચેતના, જુલાઈ ૨૦૧૪

કરવું ઘણું જ મુશ્કેલ છે.''[૧૧૭] જે વિચારણીય છે. સર્જકની નિરીક્ષણશક્તિ આ વર્ણનોમાં નોંધપાત્ર બની રહે છે.

હવે બંને મંદિરના મારાજને બૂમ પાડી બોલાવે છે. દરવાજો ખૂલતા મહારાજ અડધી રાતે આવવાનું કારણ પૂછે છે. જવાબમાં પોતે લાશ કોની છે એ કહે છે ને લાકડાં આપવાનું કહે છે પરંતુ મહારાજ ત્રાડ નાખીને કહે છે પેલા આની જાત બતાવો તો જ સ્મશાનમાં બાળવા દઉં. બંને કરગરે છે. અહીં બંને પાત્રોની મન:સ્થિતિ વાર્તાકારે ખૂબીપૂર્વક નિરૂપી છે. પછી મારાજની બીકે નશો ઉતરી જાય છે ને ભૂતકાળમાં આ જ સ્મશાનમાં થયેલી મારામારી યાદ આવતા લારી સ્મશાન બાજુ ઠેલવાને બદલે ગામ બાજુ લઈ જાય છે. એટલા માટે કે હવે તો ગામ નક્કી કરે પછી જ વાત. પેલા આની જાત નક્કી કરો પછી જ બાળીએ. મર્યા પછી પણ માણસની જાત ઓળખાવવાની મહારાજની આવી ચેષ્ટા માનવમનમાં ઘર કરી ગયેલી રુગ્ણ માનસિકતાને વ્યક્ત કરે છે.વાર્તાનું છેલ્લું વાક્ય છે, 'પેલી વાસ ગજુ કાઢવા મથી રહી હતી' અહીં ઈશારો જાતિવાદ તરફ છે, અસ્પૃશ્યતા તરફ છે એ નોંધવું રહ્યું.

વાર્તાના અંતમાં પાત્રોમાં દેખાડવામાં આવતી જાગૃતિ એની સભાનતાની વાચક બની રહે છે. 'લાશ'માં આવતાં વર્ણનો અને કહેવતો ઘટનાને એના અસલ અંદાજમાં રજૂ કરવામાં મદદરૂપ નીવડે છે. દા.ત. ગામ ધીમે ધીમે દબાતા પગલે પાછું ખસવા લાગ્યું. વળી સામે વીંછીના ડંખ જેમ પડ્યો હતો બે ચાર ખેતર જેટલો ખરાબો (પૃ.૨) વગેરે. જખ મારે છે ઝાંપાવાળી જેવી કહેવતો, ખાલી ડાકલીઓ ખખડાવે તોય મૂતા વછૂટે જેવી અરૂઢ ભાષા, પાણીમાં પેઠા ને પાદવામાં શરમ? જેવી લોકકહેવત ને નરવો બોલીપ્રયોગ વાસ્તવની ધારને કલાત્મક બનાવે છે. વાતાવરણને, ઘટનાને સઘનરૂપ આપવામાં આ સર્જક માહેર છે. ભી. ન. વણકર

૧૧૭. દલિત ચેતના, ઓક્ટોબર ૨૦૧૪, વર્ષ ૮, અંક ૧૨

આ વાર્તા વિશે લખે છે કે, ''મૌલિક સંવાદ, સહજ બોલી, પરિવેશ, વાર્તાનાં તમામ તત્ત્વો સાથે વાર્તાનો સહેજ પીંડ રચાયો છે. વાર્તા સંઘેડાપાર નખશીખ નિવડે છે.''[૧૧૮] 'લાશ' જેવા અરૂઢ વિષય વસ્તુને હળવી શૈલીએ આલેખતા આ સર્જક દલિત સંવેદનને યથાર્થ રૂપમાં રજૂ કરી શક્યા છે એ નોંધવું રહ્યું.

'વટ'[૧૧૯] વાર્તા નોખી શૈલી અને કથાવસ્તુ ધરાવતી વાર્તા છે. આ વાર્તા મોહન પરમારની 'વેઠિયા'[૧૨૦] વાર્તા જ્યાં પૂરી થાય છે ત્યાંથી આરંભાય છે. વેઠિયા વાર્તાનું વસ્તુ પરંપરાગત છે. વેઠિયાઓને આવતા વાર થઈ એટલે જવાબદારી બીજી વ્યક્તિના માથે નાખી છે. માણસો વેઠિયાઓને બોલવવા ગયા છે. આ બાજુ રાણીઓને પાલખીમાં બેસાડી રાજ્યમાં લઈ જવાની છે એમાં વેઠિયાઓની ખાસ જરૂર છે પણ વેઠિયા આવવાની ના પાડે છે. ગામના મુખીને પણ કહી જોયું પણ વેઠિયાઓ મુખીની વાત પણ ન માન્યા. ટુકડીનો વડો હિંમતસિંહ છે. એ ઘોડો મંગાવે છે ને બધાને સાથે લઈ ચાલી નીકળે છે. ગામમાં જઈ મુખીને પકડી લાવવાનો હુકમ છોડાય છે. મુખી એમના મળતિયાઓને મોકલે છે પણ વેઠિયા આવતા નથી. હવે રાજા સેનાપતિને મોકલે છે એ હિંમતસિંહને ધમકાવે છે ને વેઠિયાઓને લેવા માટે મોકલે છે. બધાને જોઈ મુખી વેઠિયાઓને દેખાડા ખાતર દમદાટી મારે છે. મુખી અને વેઠિયાઓ વચ્ચે આનાકાની બાબતે સંઘર્ષ ચાલી રહ્યો છે ત્યારે વેઠિયાઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવતું પાત્ર વિચારે છે કે વેઠિયા આવવાની જ ના પાડે તો કેવી મજા પડે ? અહીં આ વાર્તા પૂરી થાય છે.

'વટ' વાર્તામાં આ જ પાત્રના કથનથી વાર્તાની શરૂઆત થાય છે. વાર્તાનું કથનકેન્દ્ર ત્રીજો પુરુષ છે જે ઘટનાની બહાર રહીને ઘટનાનો સાક્ષી બની રહે છે. વાસ આખો હકડેઠઠ છે. સૈનિકો આવી ગયા છે. જે મુખી વેઠિયાઓ પાસે કરગરતો

---

૧૧૮. દલિતચેતના, ફેબ્રુઆરી ૨૦૧૫.

૧૧૯. દલિતચેતના, ફેબ્રુઆરી ૨૦૧૮, વર્ષ ૧૨, અંક ૪

૧૨૦. પરમાર મોહન, કુંભી (વાર્તાસંગ્રહ), પૃ.૧૨૩

હતો તે હવે સૈનિકો આવતા સિંહ જેવી હિંમત દાખવે છે. બધા સૈનિકોને જોઈ ફફડે છે પણ મુખીને બે મહિના પહેલાનો મુખીનો બદલો લેવા બધા લાગ જોઈને ન્યાયની અપેક્ષાએ વેઠ પર જવાની ના પાડે છે. એમને ખબર છે કે પાલખીઓ એમના સિવાય કોઈ ઉપાડવાનું નથી. વેઠિયાઓએ મુખીનો ગુનો ખુલ્લો પાડવો હતો. એક બાજુ સેનાપતિ બનવાના અભરખા સેવતો હિંમતસિંહ મુખી પર રોફ છાંટે છે ને મુખી વેઠ પર લઈ જવા માટે કરગરે છે પણ કોઈ કોઈને મચક આપતું નથી. હિંમતસિંહ વટથી એમના સૈનિકો સામે જુવે છે. સૈનિકો એ વટ મુખી પર મારે છે ને આખરે હિંમતસિંહ ઘોડો થોડો આગળ લઈ બરાડી ઉઠે છે ત્યારે ન્યાય ન મળે ત્યાં સુધી અમે અહીંથી હલવાના નથી એવું કહેવામાં આવે છે. હવે મુખીની ખરાબ હાલત થશે એમ બધાને લાગે છે પરંતુ અંદરોઅંદર ગુપસૂપ થાય છે ત્યાં બે સૈનિકો આવીને બધાને સેનાપતિ ચોરે બોલાવવાનું કહે છે. હવે આ બાજુ પણ બધા નક્કી કરે છે કે પોતાને શું કરવું અને આખો રસાલો ચોરે જાય છે. રસ્તામાં મુખી સમજાવે છે પણ માનતા નથી. ગામના ચોરે મુખીને પૂછવામાં આવે છે કે તમે ગામના ધણી છો તો આ વેઠવાળાને કેમ ન મનાવી શક્યા? મુખીએ ગુનો કબૂલ કરવાને બદલે 'ફાટી ગયા સે' એવો ઉત્તર આપ્યો પરંતુ સેનાપતિએ બધાને પૂછતા કહેવામાં આવે છે કે મુખીને ગુનાની સજા કરવામાં આવે તો જ વેઠ કરવા આવીએ. બધાએ નક્કી કર્યું હતું કે ગુનો પોતે ન બતાવવો પણ મુખીને જ આપમેળે બતાવવો પડે. મુખીને બોલવાનું કહેવામાં આવે છે ત્યારે મુખી ધ્રૂજવા લાગે છે ને ઊભી બજારે ભાગે છે. સેનાપતિ અને હિંમતસિંહ વારાફરતી વટ મારે છે. હિંમતસિંહના વટ સામે સેનાપતિનો વટ ઝાંખો પડતો લાગે છે ત્યારે હવે વટ પાડવા વેઠ કરવા આવવાનો હુકમ કરવા સિવાય સેનાપતિ પાસે બીજો કોઈ રસ્તો ન હતો એટલે એ હિંમતસિંહ પર હુકમ છોડે છે કે તમે મુખીને પકડીને ચોરે લાવો. વાર્તાના અંતે વાર્તાકથક કહે છે મારી નજર હિંમતસિંહ પર પડી. એનો વટ એની આજુબાજુ વેરાયેલો દેખાયો.

વાર્તા હળવી શૈલીએ આગળ વધે છે. ટૂંકાં વાક્યોથી આરંભાતી આ વાર્તા પ્રયોગાત્મક છે એ નોંધવું રહ્યું. ડૉ. અજયસિંહ ચૌહાણે એમની વાર્તાઓ વિશે યોગ્ય વિધાન કર્યું છે કે, ''સંજય ચૌહાણની વાર્તાઓમાં પહેલા વાક્યથી જ ગતિ આવે છે. ક્રિયાત્મકતા આ વાર્તાઓનું ચાલકબળ છે.''[૧૨૧] વાર્તામાં આવતા રવાનુકારી શબ્દપ્રયોગો વર્ણનોને જીવંત બનાવે છે. દા.ત. બુહ.......બુહા.......બુ....હ આડા જાણે બધાના બરડા ખોખરા કરે, બધા ઓઈ મા........ઓઈ.......બાપા... કરતા જાય નાઠા વગેરે. વાર્તામાં આવતા રહસ્યના તાણાવાણા અને એ માટે સર્જકે પ્રયોજેલી ભાષા અસરકારક બની રહે છે. દા.ત. બધાને આંખના ઈશારે પાસે આવવા કહ્યું. મારા લોકો મને ઘેરી વળ્યા. આખું સરકસ રોકાઈ ગયું વગેરે. વાર્તામાં 'તડકો પરસેવો બની રેલાવા લાગ્યો, ડોળા ખભે બેઠેલા દેખાતા હતા, વટનાં ગાજર બફાતાં લાગ્યાં, મુખીના મળતિયા પાદણ નીકળ્યા' જેવાં વાક્યો ધારી અસર ઊભી કરે છે.

ગુજરાતી સાહિત્યમાં એક કૃતિના અનુગામી સર્જન તરીકે આ પ્રકારના વાર્તાપ્રયોગો જુદી રીતે-ભાતે અગાઉ થયેલા છે જેમાં ધૂમકેતુની 'પોસ્ટ ઓફિસ' વાર્તાનું અનુગામી સર્જન માય ડિયર જયુની વાર્તા 'બાપ-દીકરી' ચોક્કસ યાદ આવે.

'છબી'[૧૨૨] વાર્તાનો આરંભ કરશનની પત્નીના વાક્યથી સંઘર્ષભરી ક્ષણથી થાય છે. વાસમાં બાપજી આવવાના છે. રામદેવ મંડળના સભ્યોએ સંતવાણીનો કાર્યક્રમ રાખ્યો છે. આવનાર મહંત બાપજી બહારનું પાણી પીતા નથી માત્ર અંગત સંબંધને કારણે અહીં સુધી આવી રહ્યા છે એવી વાત કરસન બધાને કરી રહ્યો છે પણ પોતાની પત્ની આવી બધી વાતોમાં શ્રદ્ધા ધરાવતી નથી. એ બાપજીની છબી

૧૨૧. પ્રત્યક્ષ, સંપા. રમણ સોની, અંક ૧, વર્ષ ૨૩, જાન્યુઆરી ૨૦૧૪, પૃ.૧૭

૧૨૨. નિસબત, ૨૦૧૦, સંપા. મોહન પરમાર અને યશવંત વાઘેલા

માળિયે નાખી દેવાની વાત કરે છે. કરસન પત્નીને ઘર સાફ રાખવાની સૂચના આપી દે છે. બાપજી આવશે કે એમના પધરામણા પોતાનાં ઘરે કરાવવાનાં છે ને ત્યારે ગામમાંથી સહુ સાહુકારે પોતાને ત્યાં આવશે એવી આશાએ પોતે ખુશ છે. કરશનને આ બધું પૂર્વ જન્મના પુણ્ય જેવું લાગે છે. એની પત્ની ભણેલી છે. એ કહે છે આપણને તો એક જ બાપજી.....આંબેડકર, પણ કરશન કહે છે કે ધરમમાંય માનવું પડે ને? પત્ની કહે છે બાપજી ઘરે નહીં આવે તો છબી ઉતારીને માળિયે ચડાવી દઉં, ત્યારે પતિ-પત્ની વચ્ચે બાપજી બાબતે ચણભણ થાય છે. વાતવાતમાં ખ્યાલ આવે છેકે પોતે નર્મદા કેનાલના કામે ગયો હતો ત્યારે આશ્રમમાં પાંચ થેલી સિમેન્ટ દાનમાં આપ્યો હતો. પોતે બાપજીને આવવા માટે એક હજાર રૂપિયા પણ આપતો આવ્યો હતો. આજે બાપજી આવવાના છે ગામના રતદાન ગઢવી કાર્યક્રમનું સંચાલન કરવાના છે ને દુહા, છંદની રમઝટ બોલે છે ત્યાં બાપજીનું આગમન થાય છે. કારમાંથી બાપજી નીચે ઉતરે છે. બધા બાપજીનાં ચરણોમાં પડે છે. કરશન બધાની સાથે બાપજીને લઈ ખાટલા તરફ જાય છે. એને ખાતરી થઈ ગઈ કે બાપજી આવશે જ ને પત્નીની છબી માળિયે ચડાવી દેવાના પાપમાંથી પોતે મુક્ત થતો હોય એવી હળવાશ અનુભવે છે. પરંતુ એના આશ્ચર્ય વચ્ચે ગામના આગેવાન અમરસિંહ ઘરે આવવા આગ્રહ કરે છે પણ બાપજી અમરસિંહના ઘરે જવા તૈયાર ન થયા. બાપજી ખાટલામાં બેઠા વગર જ સ્ટેજ તરફ વળી જાય છે. કરશનને લાગે છે કે બાપજી સવારે આવશે. કાર્યક્રમ આગળ ચાલ્યો. બાપજીએ પ્રવચન આપ્યું. બધા એક પછી એક બાપજીના ચરણસ્પર્શ કરી ગયા. કરશન પોતાની પત્નીને પગે લાગવાનું કહે છે પણ એ 'પડે મારી બલા' કહીને પગે લાગવાનું ટાળે છે. પોતે મનોમન પત્નીના વર્તનથી વલોપાત કરે છે. સવાર થતાં સૌ એક પછી એક ઊઠવા લાગ્યા ત્યારે કરશન હાથ જોડી ધન્યતાની લાગણી અનુભવી અને કરશન કહે એ પહેલા અમરસિંહના શબ્દો 'હાલો બાપજી ઘરે'

સંભળાતા બાપજી એની સાથે ચાલતા થાય છે. પોતે યંત્રવત્ ટોળા સાથે ચાલતો રહ્યો. થોડીવાર પછી બાપજીના આશીર્વાદ બાદ બધા બાપજીને શેરી સુધી મૂકવા આવે છે. કરશનને હવે બાપજીને પોતાને ઘરે લઈ જવાની ક્ષણ નજીક દેખાવા લાગી. એ પોતે ભક્તિમય બનીને પરમાત્માને યાદ કરે છે. ચોકમાં પાછા આવતા બાપજીને જોઈ ડ્રાઈવરે ગાડી સ્ટાર્ટ કરી ને બાપજી ગાડી તરફ ચાલે છે ત્યારે કરશન હાથ જોડીને કહે છે કે 'બાપજી મારે ઘરે પધારો' ત્યારે બાપજી માત્ર એટલું બોલે છે 'વેળા થવા આવી હવે જવું પડશે' બધાએ બહુ વિનવણી કરી પણ બાપજી ઘરે ન આવ્યા ને કરશન મોઢું વકાસી જોઈ રહે છે ને અંતે ખબર પડે છે કે જે બાપજી બીજાના ઘરનું પાણી પીતા નથી એ થમ્સ અપ સિવાય બીજું કાંઈ પીતો નથી. તે હોટલનું જ ખાય છે. કરશનનો બધો ભ્રમ ભાંગી જાય છે. એ ઘર તરફ વળે છે. પોતે પત્ની જોડે બાપજી બાબતે કરેલા વર્તનને યાદ કરે છે. ઘરે જશે તો પોતાની શું હાલત થશે એ વિચારે છે. તે ઘરે આવી પોતે જ છબીને પછાડી તોડી દે છે. તે જોઈને તેની વહુના ચહેરા પર હરખ છવાઈ જાય છે. આ વાર્તા સંદર્ભે ડૉ. ગુણવંતરાય વ્યાસે કહ્યું છે કે, ''ભ્રમનું નિરસન થતાં જ ઘેર આવી, બાપજીની છબી પોતાના હાથે જ ઉખેડી, ફેંકી, ફોડી, તોડી નાખે ત્યાં થતો મધીનો વિજય વાર્તાકારની સફળતાનો વિજય બની રહે છે. 'છબી' વાર્તાના કેન્દ્રમાં હોઈ પ્રારંભથી અંત સુધીનો તેનો સંધાતો આવતો તાર એક ઉત્તેજનાભરી જિજ્ઞાસા ટકાવી રાખતો, અંતમાં રહસ્યસ્ફોટ સાથે પર્દાફાશ કરે ત્યાં કથા ''વાર્તા'રૂપ પામે છે. હળવાશભરી શૈલીમાં વાર્તાનું ગાંભીર્ય સંજય ચૌહાણ ઠીક ઠીક ઉપસાવી શક્યા છે એ એનો વિશેષ છે.''[૧૨૩]

વાર્તાની શરૂઆતમાં જે છબીને પોતે ભક્તિભાવથી જોતો હતો એ જ છબી અંતે એની નફરતનું કારણ બને છે. આખી વાર્તામાં મહારાજ પ્રત્યેનો ભક્તિભાવ,

---

૧૨૩ દલિતચેતના, ઓગસ્ટ ૨૦૧૧, વર્ષ ૫, અંક ૧૦, પૃ.૨૩

ભ્રમ વાર્તાના અંતે ભ્રમનિરસનમાં પરિણમે છે. મુદ્દો અહીં અસ્પૃશ્યતાનો જ છે પરંતુ સર્જકે વિષય વસ્તુની જે રીતે માવજત કરી છે એમાં એની સર્જનશક્તિ લેખે લાગી છે. વાતવાતમાં પોતાની પત્નીને કોસતો કરશન મહંત પ્રત્યે ખૂબ અહોભાવ રાખે છે. એમાં મુખ્યધારામાં ભળવાનું એનું પ્રભાવી માનસ દેખાય છે. વાતવાતમાં પોતાની પત્નીને છબી બાબતે ઠપકો આપતો કરશન પત્ની ઉપર અધિકાર જમાવે છે પરંતુ મહંત ઉપર અપાર શ્રદ્ધા ધરાવી અહોભાવપૂર્વક ઘરે લાવવા તલપાપડ છે ને આ જ ઘટનાનો અંતે વિરોધ વાર્તાના વસ્તુને કલાત્મક ઘાટ આપે છે.

'છબી'માં પતિ-પત્ની વચ્ચેના સંવાદોમાં વ્યક્ત થતું ઉત્તર ગુજરાતની બોલીનું સૌંદર્ય સર્જક બખૂબી આલેખી શક્યા છે. છબી અહીં માત્ર છબી ન બની રહેતા પાખંડી વ્યક્તિનું પ્રતીક બની રહે છે. મહારાજનું ઘરે આવવાનું ને ન આવવું આ બે વાક્યો પર આખી કૃતિનો મદાર છે. આ બનાવ સંદર્ભે નટુભાઈ પરમારે નોંધ્યું છે કે, ''છબી વાર્તામાં સંજય ચૌહાણ પણ આપણે તો એક બાપજી...આંબેડકર, બાકી બધા ધુતારા અને પછી તુરત જ આ બાપજી તો પૂરો આભડછેટિયો નીકળ્યો. ઘરેય ના આવ્યો......કાલનો હોટલમાં રોકાયો સે.......હોટલનું ખાય સે...જેવા સામા છેડાનાં સત્યો રજૂ કરીને દલિતોને ભૂત-ભૂવા બાવા બાપજીના સહારે નહીં પણ ડૉ. બાબાસાહેબ આંબેડકરે ચીંધેલા રાહે આગળ વધવાનો સાચો સંદેશ આપી જાય છે.''[૧૨૪] આ પ્રકારના કથાવસ્તુને છબીના માધ્યમથી વાર્તારૂપ આપી એને દલિત સંવેદન સાથે સાંકળી આપવું એમાં સર્જકની કલાત્મક દૃષ્ટિ દેખાઈ આવે છે. આ વાર્તા સંદર્ભે કહેવાયું છે કે વાર્તાનાં પાત્રોમાં જોવા મળતી ચૈતસિક ગતિવિધિ તેમના વ્યક્તિત્વના યથાર્થતાલક્ષી

---

૧૨૪. દલિતચેતના, જુલાઈ ૨૦૧૦

ચિત્રણમાં જોવા મળતી લેખકની સર્ગ શક્તિ અને ભાષિક સજ્જતા સરાહનીય છે.[૧૨૫]

આમ, વિવિધ સામયિકોમાં પ્રકાશિત બહુ મહત્ત્વની કહી શકાય એવી દલિત ટૂંકી વાર્તાઓ આ સર્જક પાસેથી મળે છે. આ સર્જકની વિશેષતા દર્શાવતા કલ્પેશ પટેલે કહ્યું છે કે, ''એમની વાર્તામાં દલિતસંવેદનને વાચા મળતી હોવા છતાં એ કળાનો ભોગ ન લેવાય એની પૂરતી કાળજી લે છે.''[૧૨૬]

આ સર્જકની અન્ય વાર્તાઓ સંદર્ભે ડૉ.જલ્પા પટેલે કરેલું વિધાન આ વાર્તાઓ બાબતે પણ સાચું ઠરે છે કે, ''સંજય ચૌહાણની વાર્તાઓની તરી આવતી લાક્ષણિકતા એ છે કે મોટા ભાગની વાર્તાનો આરંભ રહસ્યથી થાય છે આથી વાચનાર વાર્તા સાથે જકડાયેલો રહે છે તો વાર્તાનો અંત અકલ્પિત આવે છે. કોઈપણ પ્રકારની ભાવનાશીલતામાં વહ્યા વગર વાસ્તવિકતાનું નક્કરરૂપ તેમની વાર્તાઓમાં દેખાય છે.''[૧૨૭]

આ વાર્તાકાર દલિતોનું મનોવિશ્વ ખૂબીપૂર્વક આલેખવામાં સફળ રહ્યા છે. દલિતોનું પોતાનું એક આગવું વિશ્વ છે, એને પોતાનાં વર્તન વ્યવહાર છે. માનવતાનો એક છેડો અન્ય માનવી જેટલો જ એનામાં સંગોપાયેલો છે એ આ સર્જકની વાર્તાઓમાં સાંગોપાંગ વ્યક્ત થાય છે. દા.ત. 'વાંક'માં ભાસાહેબ પ્રત્યે દાખવાતી મેઘવાળોની ઉદારવૃત્તિ, 'વળાંક'માં દેખાતી ભેમાની કામ પ્રત્યેની નિષ્ઠા અને ખુમારી વગેરે. જાતિવાદના પ્રશ્નને આ વાર્તાકાર સૂક્ષ્મસ્તરે મૂકી આપે છે. દલિત સંવેદન પણ એમની વાર્તાઓમાં વધુ સઘન રીતે ઘૂંટાઈને આવે છે. નાનાં નાનાં વાક્યોથી થતી વાર્તાની શરૂઆત અને નાના વાક્યખંડો તેમજ સમાજના

---

૧૨૫. દાવલપુરા બાબુ, શબ્દસૃષ્ટિ, સપ્ટેમ્બર ૨૦૧૦, પૃ.૯૦

૧૨૬. દલિતચેતના, નવે.-ડિસે. ૨૦૧૦, વર્ષ ૫, અંક ૧-૨, પૃ.૮૨

૧૨૭. અધીત સાડત્રીસ, સંપાદકો - જે. એમ. ચંદ્રવાડિયા, ભરત પંડ્યા તથા અન્ય, પ્રકા. ગુજરાતીનો અધ્યાપક સંઘવતી ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૫, પૃ.૮૧

સંકુલ પ્રશ્નોનું વેધક આલેખન સર્જકનો વિશેષ બની રહે છે. દા.ત. 'વારો' વાર્તામાં પાડું ઉપાડવાનું વર્ણન, પેંતરોમાં વર્ણવાતું બકરો કાપવાનું વર્ણન ને કાવાદાવા વગેરે. શબ્દો પાસેથી કામ લેવાની લેખકની શક્તિ વાર્તાવસ્તુને વધુ વાસ્તવિક બનાવે છે. જરૂર પડે ત્યાં કહેવતોનો ઉપયોગ કરીને સર્જક વાર્તાવસ્તુને જીવંત બનાવે છે. શબ્દચિત્રો દ્વારા લેખક ચિત્રાત્મક દૃશ્યો સર્જી શકે છે. દા.ત. છબીમાં કરશનની પત્નીના મુખે 'પડે મારી બલા' જેવા શબ્દો દ્વારા રજૂ થતી સ્થિતિ, 'વટ'માં મુખીનું ઊભી બજારે ભાગવું વગેરે. આ સર્જકની વાર્તાઓનું વસ્તુ અને એનું ભાવવિશ્વ ગુજરાતી દલિત વાર્તાક્ષેત્રે નૂતન ઉન્મેષનાં વાહક બની રહે છે. ઓછા શબ્દ લસરકા, ટૂંકાં વાક્યો દ્વારા રચાતાં કલ્પનો અને આનર્તની બોલીનો લાક્ષણિક પ્રયોગ એ પણ જરાય છોછ રાખ્યા વગર વાર્તાકાર કુશળતાપૂર્વક પ્રયોજે છે. ગુજરાતી દલિત વાર્તાકારોમાં સંજય ચૌહાણની દલિત વાર્તાઓ સામાજિક વાસ્તવને અસલરૂપમાં રજૂ કરી સર્જકને પ્રતિબદ્ધ વાર્તાકાર તરીકે પ્રસ્થાપિત કરે છે.

----------------------